# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**


**તા.૨૪/૦૬/૨૦૨૫ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૮૫૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૬૨ લીટર દેશી દારૂ, ૦૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૦૭ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૭ બિયર ટીન કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૪,૦૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૮૫૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૮૫૫/૨૦૨૫**

**સેટેલાઇટઃ** રશ્મિબહેન વા/ઓ નમિત ગુલશન મહાજન (રહે.પી.આર.એલ ક્વાટર્સ, વિક્રમનગર, આંબલી બોપલ રોડ, સેટેલાઇટ) એ તા.૨૩/૦૬/૨૦૨૫ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૫/૨૦૨૫ થી તા.૨૨/૦૫/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન રશ્મિબહેન મહાજને ફેસબુકમાં ઇન્વેસ્ટમેન્ટ માટેની જાહેરાત જોઇ, તેમા જણાવેલ મોબાઇલ નંબર ૮૯૮૪૭૮૮૩૭૪ ઉપર સંપર્ક કરતા, આરાધ્યા મિશ્રા નામની ઓળખ આપતી મહિલાએ રશ્મિબહેનને પોતાના મોબાઇલમાં SC-ELITE નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવડાવી, એપ્લીકેશનમાં ઇન્વેસ્ટમેન્ટ માટે રૂપિયા નાંખવા કહેતા, રશ્મિબહેનને પ્રથમ કરેલ રોકાણ ઉપર વળતર આપ્યા બાદ રશ્મિબહેનના ICICI BANK ના ખાતામાંથી રૂપિયા ૨,૦૦,૦૦૦/– ઓનલાઇન ગુગલ–પે થી ટ્રાન્સફર કરાવી તેનુ રોકાણ કરાવી,  રોકાણ પેટે કોઇ નફો નહી આપી તેમજ રૂપિયા પરત નહી કરી રશ્મિબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.જે.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૮૫૬/૨૦૨૫**

**વેજલપુરઃ** દક્ષાબહેન વા/ઓ અશોકભાઈ ગજ્જર (ઉ.વ.૫૩)(રહે.રબારીવાસ જલારામ ફલેટની બાજુમાં, શ્રીનંદનગર વિભાગ–૦૧ સામે વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૬/૨૦૨૫ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક મકાનના પાછળ આવેલ કોમન સંડાસ–બાથરૂમમાં કોઈ જવલનશીલ પ્રવાહી પોતાના શરીરે છાંટી સળગી જતા, ગંભીર રીતે દાઝી જતા સારવાર અર્થે તેમને સોલા સિવીલ હોસ્પીટલ ખાતે લઈ ગયા હતા. જ્યાં તા.૨૨/૦૬/૨૦૨૫ સાંજના ૪/૨૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ દક્ષાબહેનને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એમ.પટેલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી